e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 260
February 25, 2011



## સુરત મહાનગરપાલિકા અને ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. (GEPIL) નાં સંયુકત ઉપક્રમે યોજાયેલ ગ્રીન જીન ડ્રાઈવને મળેલ અદભુત પ્રતિસાદ

સ્વર્ણિમ ગુજરાત વર્ષ તથા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા અને ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. (GEPIL) નાં સંયુકત ઉપક્રમે આંતરશાળા, આંતર કોલેજ, યુનિવર્સીટીનાં વિવિધ વિભાગો વચ્ચે અને સર્વશ્રેષ્ઠ શેરી / સોસાયટી અને એપાર્ટમેન્ટ સુશોભન અને સ્વચ્છતા સ્પર્ધા ઉપરાંત વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાળવણી સંદર્ભે જાગૃતિ પેદા થાય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારની જાહેર જનતા જોગ સુચના

પૂર્વ ઝોન (વરાછા) ની વહીવટી કચેરીનું સ્થળાંતર નવી ઝોન બિલ્ડીંગમાં લંબે હનેમાનરોડ, સૈફી સોસાયટી ત્રિકમનગર પાસે, પ્રજાપિતા બ્રહમાકુમારી સેન્ટરની બાજુમાં કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હરિ:ૐ આશ્રમ પ્રેરિત,સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા" નું આયોજન

હરિ:ૐ આશ્રમ પ્રેરિત,સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા" નું આયોજન તા. ૦૯/૦૩/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા એન્ડ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હરિ:ૐ આશ્રમ પ્રેરિત,સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" નું આયોજન

હરિ:ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" નું આયોજન તા. ૦૬/૦૩/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા એલ.પી.સવાણી રોડ,રાંદેર,સુરત ખાતે યોજાવામાં આવનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા અને IAAA Knowledge Forum ના સંયુકત ઉપક્રમે Femicon-II કોન્ફરન્સનું આયોજન

રાજય સરકારનાં સ્વર્ણિમ ગુજરાત મહોત્સવની ઉજવણી નિમિત્તે "બેટી બચાવો" અને "સ્ત્રી સશકતીકરણ" અભિયાનના ઉપલક્ષમાં સુરત મહાનગરપાલિકા અને IAAA Knowledge Forum ના સંયુકત ઉપક્રમે શહેરની કોલેજીયન યુવતીઓમાં આરોગ્ય વિષયક સભાનતા અને આનુવંશીગ રોગો અટકાવવા લગ્નપૂર્વે વિશેષ કાળજી લેવા માટેનાં હેતુસર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૨૩/૦૨/૨૦૧૧નાં રોજ સુરત મ.ન.પા.ના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે.કમિશ્નરશ્રીન સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ,સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા અને ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ.(GEPIL) નાં સંયુકત ઉપક્રમે યોજાયેલ ગ્રીન જીન ડ્રાઈવને મળેલ અદભુત પ્રતિસાદ



સ્વર્ણિમ ગુજરાત વર્ષ તથા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા અને ગુજરાત એન્વીરો પ્રોટેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. (GEPIL) નાં સંયુકત ઉપક્રમે આંતરશાળા, આંતર કોલેજ, યુનિવર્સીટીનાં વિવિધ વિભાગો વચ્ચે અને સર્વશ્રેષ્ઠ શેરી / સોસાયટી અને એપાર્ટમેન્ટ સુશોભન અને સ્વચ્છતા સ્પર્ધા ઉપરાંત વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાળવણી સંદર્ભે જાગૃતિ પેદા થાય તેવા હેતુથી ઈ વેસ્ટ કલેકશનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધા તારીખ–૧૭ થી જાન્યુઆરી ૨૦૧૧ દરમિયાન યોજવામાં આવેલ હતી.

વિવિધ વિભાગોની સ્પર્ધામાં નગર પ્રાથમિક શાળા અને સુમન હાઈસ્કુલ વિભાગમાં – ૪૪, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓનાં વિભાગમાં – ૩૨, ઈન્ટર કોલેજ વિભાગમાં – ૦૬, શેરી / સોસાયટી વિભાગમાં ૦૬ સ્પર્ધકોએ ભાગ લીધેલ. જે પૈકી નીચે મુજબનાં સ્પર્ધકો વિજેતા નિવડેલ. જેઓને તા.૧૨/૨/૨૦૧૧નાં રોજ સરદાર સ્મૃતિ ભવન ખાતે માનનીય મેયરશ્રી રાજેન્દ્ર(રાજુભાઈ)દેસાઈનાં અધ્યક્ષ પદે યોજાયેલ સમારંભમાં, ટ્રોફિ – ઈનામ અને પ્રમાણપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ દરમિયાન શહેરની કુલ–૪૧ જેટલી શાળાઓનાં વિદ્યાર્થીઓ ધ્વારા કુલ – ૧૫૦૦૦ કિ.ગ્રા. ઈ–વેસ્ટ કલેકશન કરવામાં આવેલ. જે પર્યાવરણ જાળવણી જાગૃતિ સંદર્ભે વિશેષ ધ્યાનાકર્ષક રહેલ છે. આ સમારંભમાં માનનીય મેયરશ્રી ઉપરાંત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી રૂપીનભાઈ પચ્ચીગર, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ. હોસ્પિ.) ડો. હેમંત દેસાઈ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટીનાં રજીસ્ટ્રાર શ્રી જે.આર.મહેતા, સાઉથ ગુજરાત ઈન્ફર્મેશન ટેકનોલોજીસ્ટ એસોસીએશન – સીટાનાં પ્રમુખ શ્રી પિનાકીનભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. વધુમાં 'ગેપીલ'નાં ચેરમેન અને મેનેજીંગ ડીરેકટરશ્રી ગીરીશભાઈ લુથરા એ જણાવ્યું હતું કે 'ગ્રીન જીન' કાર્યક્રમના નેજા હેઠળ હાથ ધરવામાં આવેલ આ ડ્રાઈવ શહેરીજનોની સક્રિયતા સાબિત કર છે. અને તેથી માર્ચ મહિનાના બીજા સપ્તાહમાં તેનો બીજો તબકકો હાથ ધરવામાં આવશે. ગેપીલના જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર શ્રી ધ્રુવ લુથરાએ કાર્યક્રમના મુખ્ય હેતુ અને ઉદ્દેશની જાણકારી આપીને શહેરીજનોએ દર્શાવેલ જાગૃતિ માટે આભાર માન્યો હતો.

સ્પર્ધાના વિજેતા નીચે મુજબ છે.

**આંતર શાળા સ્વચ્છતા અને સુશોભન સ્પર્ધા – નગર પ્રાથમિક અને સુમન હાઈસ્કુલ વિભાગ :–**

| | | |
|---|---|---|
| ઉધના ઝોન | :– | પ્રથમ વિજેતા–સુમન હાઈસ્કુલ નં.૧,<br>દ્વિતિય વિજેતા–રાણી લક્ષ્મીબાઈ નગર પ્રાથમિક કન્યા શાળા નં.૨૬૨ અને<br>તૃતિય વિજેતા– સુમન હાઈસ્કુલ નં.૫ |
| લિંબાયત ઝોન | :– | પ્રથમ વિજેતા– શ્રી વિષ્ણુ ગણેશ પિંગળે નગર પ્રાથમિક મરાઠી કુમાર શાળા નં.૨૬૧<br>દ્વિતિય વિજેતા– સંત નામદેવ નગર પ્રાથમિક મરાઠી કન્યાશાળા નં.૨૪૪<br>તૃતિય વિજેતા– શાંતા શેળકે નગર પ્રાથમિક મરાઠી કન્યાશાળા નં.૧૩૫ |
| કતારગામ ઝોન | :– | પ્રથમ વિજેતા– ઝવેરચંદ મેઘાણી નગર પ્રાથમિક શાળા નં.૧૭૨ અને<br>દ્વિતિય વિજેતા– સુમન હાઈસ્કુલ નં.૩ |
| રાંદેર ઝોન | :– | પ્રથમ વિજેતા– ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન પ્રાથમિક કન્યા શાળા નં.૮૪<br>દ્વિતિય વિજેતા– શ્રી રવિશંકર મહારાજ પ્રાથમિક શાળા નં.૧૬૬ |
| સેન્ટ્રલ ઝોન | :– | પ્રથમ વિજેતા– ગોપીનાથ મલિક નગર પ્રાથમિક શાળા ન.૫૩ |
| અઠવા ઝોન | :– | પ્રથમ વિજેતા– ડો.સી.એન.દેસાઈ પ્રાથમિક શાળા નં.૧૪ |
| વરાછા ઝોન | :– | પ્રથમ વિજેતા– ઈશ્વર પેટલીકર નગર પ્રાથમિક શાળા નં.૧૬ |

Continue …

**આંતર શાળા સ્વચ્છતા અને સુશોભન સ્પર્ધા – શહેરની ગ્રાન્ટેડ અને નોન–ગ્રાન્ટેડ શાળા વિભાગ :–**

| | | |
|---|---|---|
| ઉધના ઝોન | :– | પ્રથમ વિજેતા–ઉદ્યોગ ભારતી વિદ્યાલય,<br>દ્વિતિય વિજેતા–સનગ્રેસ વિદ્યાલય<br>તૃતિય વિજેતા– શ્રી આર.કે.ચૌહાણ શાળા |
| સેન્ટ્રલ ઝોન | :– | પ્રથમ વિજેતા– શ્રીમતિ કે.એમ.જરીવાળા ઈંગ્લીશ મિડીયમ ગર્લ્સ હાઈસ્કુલ<br>દ્વિતિય વિજેતા– શ્રીમતિ ક.લ.શ.ખાંડવાળા સાર્વજનિક હાઈસ્કુઈ (ગર્લ્સ) |
| અઠવા ઝોન | :– | પ્રથમ વિજેતા– એસ.ડી.જૈન મોર્ડન સ્કૂલ અને<br>દ્વિતિય વિજેતા– શ્રી ઉત્તર ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ |
| વરાછા ઝોન | :– | પ્રથમ વિજેતા– પી.પી.સવાણી વિદ્યાભવન,હીરાબાગ અને<br>દ્વિતિય વિજેતા– એમ.યુ.એસ.ઈંગ્લિશ મિડીયમ |
| રાંદેર ઝોન | | પ્રથમ વિજેતા– સંસ્કાર ભારતી વિદ્યાલય પ્રાયમરી સ્કૂલ અને<br>દ્વિતિય વિજેતા– વી.ડી.દેસાઈ વાડીવાળા સ્કૂલ |
| કતારગામ ઝોન | | પ્રથમ વિજેતા–ગજેરા વિદ્યાભવન |

**આંતર કોલેજ સ્વચ્છતા અને સુશોભન સ્પર્ધા :–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સ |
| દ્વિતિય વિજેતા | :– | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ–સ્મીમેર |
| તૃતિય વિજેતા | :– | શ્રી જે.બી.ધારૂકાવાલા મહિલા આર્ટ કોલેજ |

**સર્વશ્રેષ્ઠ એપાર્ટમેન્ટ સ્વચ્છતા અને સુશોભન સ્પર્ધા :–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | નિર્મલ હોસ્પિટલ |
| દ્વિતિય વિજેતા | :– | ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (આઈ.ટી.સી.બિલ્ડીંગ) |

**આંતર શેરી/ સોસાયટી સ્વચ્છતા અને સુશોભન સ્પર્ધા :–**

| | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | :– | પ્રથમ વિજેતા–દાળીયા શેરી મહીધરપુરા અને રનર્સ અપ–ઘામલાવાડ,સલાબતપુરા |
| લિંબાયત ઝોન | :– | પ્રથમ વિજેતા– કેવલ કોમ્પલેક્ષ |
| કતારગામ ઝોન | :– | પ્રથમ વિજેતા– રાધેશ્યામ કો.ઓ.સોસાયટી |
| વરાછા ઝોન | :– | પ્રથમ વિજેતા– બ્રાહમણ ફળિયું |
| રાંદેર ઝોન | :– | પ્રથમ વિજેતા– કસ્તુરબા મહિલા કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. |

**સૌથી વધુ ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટ એકઠું કરનારી શાળાઓ :–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | રાયન ઈન્ટરનેશનલ સ્કુલ(સી.બી.એસ.ઈ.)–રાંદેર |
| દ્વિતિય વિજેતા | :– | શ્રીમતી આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ–રાંદેર |
| તૃતિય વિજેતા | :– | શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર–અઠવા |

**સૌથી વધુ ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટ એકઠું કરનાર ૩ વિદ્યાર્થીઓ :–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | અવી વિજેશ શાહ– શ્રીમતી આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ |
| દ્વિતિય વિજેતા | :– | યશ એન.સાવલીયા–શ્રીમતી આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ |
| તૃતિય વિજેતા | :– | પંકજ બારીક–કેન્દ્રીય વિદ્યાલય નં.૧–અઠવા |

**સૌથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હોય તેવી ૩ શાળાઓઃ–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યા સંકુલ(સી.બી.એસ.ઈ.)–કામરેજ |
| દ્વિતિય વિજેતા | :– | રાયન ઈન્ટરનેશનલ સ્કુલ(સી.બી.એસ.ઈ.)–અઠવા |
| તૃતિય વિજેતા | :– | કેન્દ્રીય વિદ્યાલય નં.૧–અઠવા |

**ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટ એકઠું કરવા વિશિષ્ટ પ્રયાસ કરનાર શાળાઓઃ–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | સરદાર વલ્લભભાઈ પટેલ માધ્યમિક શાળા – અઠવા |
| દ્વિતિય વિજેતા | :– | નૂતન વિદ્યાલય–રાંદેર |

**ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટ કલેકશન સંદર્ભે પ્રોત્સાહક ઈનામ મેળવનારી શાળા :–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | ઉદ્યોગ ભારતી વિદ્યાલય–ઉધના |

**ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટ એકઠું કરવા વિશિષ્ટ પ્રયાસ કરનાર વાલીશ્રી :–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | શ્રી વિજેશ શાહ–અવી વિજેશ શાહ– શ્રીમતી આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ |

**ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટ કલેકશન સંદર્ભે સર્વશ્રેષ્ઠ પર કેપીટા મેળવનારી શાળા :–**

| | | |
|---|---|---|
| પ્રથમ વિજેતા | :– | જે.એચ.બી.સરદાર પ્રાયમરી ઈંગ્લિશ સ્કુલ–રાંદેર |

TOP

## પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારની જાહેર જનતા જોગ સુચના

પૂર્વ ઝોન (વરાછા) ની વહીવટી કચેરીનું સ્થળાંતર નવી ઝોન બિલ્ડીંગમાં લંબે હનેમાનરોડ, સૈફી સોસાયટી ત્રિકમનગર પાસે, પ્રજાપિતા બ્રહમાકુમારી સેન્ટરની બાજુમાં કરવામાં આવેલ છે. જયાં ઝોનને લગતી તમામ સેવાઓ વેરા સહિતની કાર્યરત થયેલ છે. જેની જાહેર જનતાને નોંધ લેવી.

TOP

## હરિઃૐ આશ્રમ પ્રેરિત,સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા" નું આયોજન

હરિઃૐ આશ્રમ પ્રેરિત,સુરત મહાનગરપાલિકા સંચાલિત "સ્વ.ચીમનલાલ લાપસીવાલા બાળ તરણ સ્પર્ધા" નું આયોજન તા. ૦૯/૦૩/૨૦૧૧ ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા એન્ડ બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં શહેરની હદ વિસ્તારમાં રહેતા ૯ થી ૧૩ વર્ષની વયના તરણવીરો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટયગૃહ(રંગ ઉપવન), ચોક બજાર,સુરત ખાતેથી તા. ૦૭/૦૩/૨૦૧૧ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો અથવા સ્કુલ બોનાફાઈડ સર્ટીફિકેટ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત પરત કરવાના રહેશે.

TOP

## હરિ:ૐ આશ્રમ પ્રેરિત,સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" નું આયોજન

હરિ:ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ સ્પર્ધા" નું આયોજન તા. ૦૬/૦૩/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૬.૩૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા એલ.પી.સવાણી રોડ,રાંદેર,સુરત ખાતે યોજાવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરતના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગ ઉપવન), ચોક બજાર,સુરત ખાતેથી તા. ૦૪/૦૩/૨૦૧૧ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ઉંમરના પુરાવા તથા મેડીકલ ફીટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા અને IAAA Knowledge Forum ના સંયુકત ઉપક્રમે Femicon-II કોન્ફરન્સનું આયોજન

રાજય સરકારનાં સ્વર્ણિમ ગુજરાત મહોત્સવની ઉજવણી નિમિત્તે ''બેટી બચાવો'' અને ''સ્ત્રી સશકતીકરણ'' અભિયાનના ઉપલક્ષમાં સુરત મહાનગરપાલિકા અને IAAA Knowledge Forum ના સંયુકત ઉપક્રમે શહેરની કોલેજીયન યુવતીઓમાં આરોગ્ય વિષયક સભાનતા અને આનુવંશીગ રોગો અટકાવવા લગ્નપૂર્વે વિશેષ કાળજી લેવા માટેનાં હેતુસર જીવનભારતી ''રંગભવન'' ખાતે ''ફેમિકોન–૧૧'' કોન્ફરન્સ તા. ૧૯–૦૨–૨૦૧૧ ના દિવસે યોજવામાં આવેલ. ઉદ્‌ઘાટન પ્રસંગે ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત સાંસદ મિ. સી.આર. પાટીલે યુવતીઓમાં જાગૃતતા લાવવા પર ભાર મુકી યુવતીઓમાં આરોગ્યની કાળજી અને સંગઠનશકિત પર વિશ્વાસ મુકવાની વાત કરી. આ પ્રસંગે ગાયનેકોલોજીસ્ટ ડો. સંધ્યાબેન છાંસટીયા, ડો. ઉષાબેન વલાદર અને ડો. દિપ્તિબેન પટેલે જણાવ્યું કે વાતાવરણ, ખોરાક, લાઈફ સ્ટાઈલ, સ્ટ્રેસ અને બદલાવને કારણે માસિક સ્ત્રાવની ચિંતાઓ અને નપુસકતાના કેસો વધી રહયા છે. હોર્મોતની ગોળી અને ગર્ભપાતના વધી રહેલા કિસ્સા પણ સમાજની વ્યવસ્થા બદલવા માટે પુરતા છે. માસિક સ્ત્રાવ થવાની ઉમર પણ પહેલા ૧૫ થી ૧૬ વર્ષ હતી જે હવે ૧૦ થી ૧૧ વર્ષ થઈ જવા આવી છે. જેથી શારિરીક વિકાસ શકય બને પરંતુ માનસિક વિકાસ શકય ન બનવાથી ઘણા સામાજીક શારિરીક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. શહેરનાં અંધજન શાળાનાં ફિઝીયોથેરાપિસ્ટ ડો. નિરજ ભણસાલીએ યુવતીઓને શરીર કેવી રીતે તંદુરસ્ત રાખી શકાય તેની ટીપ્સ આપી હતી અને ફેટ ફ્રી ડાયટ અને સુગર ફ્રી ગોળીઓનાં નુકશાનની મગજ પર થતી અસર અને કેન્સર જેવી બીમારીથી અવગત કરાવ્યું હતુ. શહેરનાં પ્લાસ્ટિક સર્જન ડો.હિરેન દેસાઈ અને ડો. વિતરાગ શાહે પ્લાસ્ટીક સર્જરી અને કોસ્મેટીક સર્જરીનું ઉંડુ જ્ઞાન આપ્યુ હતુ.સુરતના એકમાત્ર ટ્રાઈકોલોજીસ્ટ ડો. સમકિત શાહે વાળના રોગો અને તેની માવજત પર શું ધ્યાન આપવુ તેનું વિસ્તૃત વર્ણન કર્યુ હતુ. ડો. દિપકભાઈ પટેલ ખીલ અને ચામડી સુંદર બનાવવાની ટીપ્સ આપી હતી. ''મેરેજ પહેલા જીવનને જાણો'' તે વિષય પર ડો. વિકાસબેન દેસાઈએ વ્યકતવ્ય આપતા જણાવ્યુ હતું કે સમાજમાં લગ્ન પહેલા છોકરા–છોકરીઓની જન્મકુંડળી મેળવાય છે પરંતુ જો લગ્ન પહેલાં યુવક–યુવતિઓની થેલેસેમિયા, હિમોફિલિયા, સિકસેલ એનિમિયા જેવા આનુંવશિક રોગો અને એચ.આઈ.વી. એઈડસ અને ઝેરી કમળા જેવા ચેપી રોગો બાળકોમાં ન ફેલાય તેનું સવિસ્તૃત જ્ઞાન આપવું જોઈએ તે બાબતે માર્ગદર્શન પુરુ પાડેલ. ઓપન ફોરમ અને પેનલ ડિસ્કશનમાં યુવતીઓએ પોતાના અંગત સવાલો પુછી અને તેના જવાબો એક્ષપર્ટ પાસેથી લીધા હતા. કોન્ફરન્સમાં યુવતીઓ ઘણા વિશ્વાસ સાથે પોતાના જ્ઞાનમાં વધારો થયાનું અનુભવી રહી હતી. Femicon-II

સંપૂર્ણ કોન્ફરસનું આયોજન સુપેરે પાર પાડવા IAAA Knowledge Forum ના પ્રમુખ ડો. ભુપેશ ચાવડા, ડો. વિપુલ કોઠારી, ડો. પ્રણવ પચ્ચીગર, મહેશભાઈ પટેલ, સુરત મહાનગરપાલિકાનાં ડો. હેમંતભાઈ દેસાઈ, ડો. કલ્પેશભાઈ ખત્રી અને સુરતની મહિલા સંસ્થાઓ, મહીલા વકીલ મંડળોની બહેનોએ ઘણી જહેમત ઉઠાવી હતી. આવા કાર્યક્રમો વારંવાર સુરતની જનતા માટે થાય એવો એક જ સુર ઉદભવ્યો હતો.

TOP

## તા.૨૩/૦૨/૨૦૧૧નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે.કમિશ્નરશ્રીન સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ,સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગત તા.૨૩/૦૨/૨૦૧૧નાં રોજ સવારથી સાંજ સુધી જે તે ઝોનનાં આરોગ્ય, એન્જીનીયરીંગ, ગુમાસ્તાધારા વિગેરે વિભાગનાં સ્ટાફ સાથે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. આમ, તમામ ઝોનાનંથી ૯૧૯.૩ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂા.૨,૦૦,૭૨૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમોની સંખ્યા | જપ્ત કરલ પ્લાસ્ટિક જથ્થો(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| ૧ | કતારગામ ઝોન | ૫૦૬૫૦ | ૨૮૬ | ૧૫૦ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૩૭૧૦૦ | ૧૧૪ | ૫૭ |
| ૩ | રાંદેર ઝોન | ૨૬૬૦૦ | ૨૫૮ | ૧૫૩.૩ |
| ૪ | અઠવા ઝોન | ૨૫૧૦૦ | ૬૬ | ૧૪૮ |
| ૫ | વરાછા ઝોન | ૧૯૨૦૦ | ૯૩ | ૩૨૩ |
| ૬ | લિંબાયત ઝોન | ૫૮૦૦ | — | ૨૩ |
| ૭ | ઉધના ઝોન | ૩૬૨૭૦ | — | ૬૫ |
| | કુલ | ૨,૦૦,૭૨૦ | ૮૧૭ | ૯૧૯.૩ |

TOP